ગાંધીનગર મેટ્રો દૈનિક
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક મુકેશભાઈ પટેલ | ચીફ એડીટર ડો. બીનાબેન પટેલ | તરીખ ૧૦-૦૮-૨૦૨૫,રવિવાર

નમસ્કાર લાયન્સ ના સેવાભાવી મિત્રો,

ગાંધીનગર મેટ્રો દૈનિક માત્ર ગુજરાત જ નહીં પણ જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પહોંચે છે. ખાસ કરીને અમેરિકા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા માં વસેલા પત્રકારો, લેખકો અને કવિઓ પણ અમારી સાથે જોડાયેલાં છે, આવો બહોળો વાચક વર્ગ ધરાવનાર દૈનિકમાં લાયન્સ ક્લબ ની પ્રવૃત્તિઓ અમે દર રવિવારે ‘ લાયન્સ સમાચાર નામની પૂર્તિ દ્વારા પ્રસિદ્ધ કરવાં જઈ રહ્યાં છીએ..

તો આપ સૌ ( દરેક ક્લબના પ્રેસિડેન્ટ કે સેક્રેટરી )અમોને સપ્તાહ દરમિયાન આપની કલબે કરેલી સેવાકીય પ્રવૃત્તિ અંગેના ૨ ફોટા અને માપસર ની વિગતો આ ગ્રૂપમાં મોકલી આપશો. શનિવાર સવારે ૧૨ વાગ્યા સુધીમાં મળેલી વિગતો જ લઈ શકાશે એની નોંધ લેવી.

**આજથી પ્રથમ પૂર્તિ પ્રકાશિત કરી રહયા છીએ તેથી લાયન્સ ક્લબના કાર્યવર્ષ આરંભથી થયેલી પ્રવૃત્તિ વિષે મોકલી આપશો.**

આ મુજબ લખવું...
લાયન્સ સમાચાર
૧- ક્લબ નું નામ
૨- ૨ ફોટા
૩- વિગત ( ૨ માપના પેરેગ્રાફ)

ડો. બીના પટેલ
ચીફ એડિટર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી

# એચ એમ વિદ્યામંદિર, ડભોડા ખાતે ફ્રી નેત્ર નિદાન અને ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો







**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

તા -૮/૮/૨૦૨૫ના રોજ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી, મેટ્રોસિટી અને ગાંધીનગર મેટ્રો ક્લબ દ્વારા ‘નેત્ર જ્યોતિ-દિવ્ય જ્યોતિ‘ ફ્રી નેત્ર નિદાન અને ચશ્મા વિતરણનો કાર્યક્રમ યોજાયો,જેમાં ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા આઈ ચેકઅપ અપ કરાયું કાર્યક્રમ નો આરંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો ત્યારબાદ ડો. બીનાબહેને બાળકોને પોતાનાં વક્તવ્યમાં લાયન્સ સંસ્થા વિષે બાળકોને માહિતી આપી. મુખ્ય મહેમાન શ્રી ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી હિરેનભાઈ મેવાડા એ ડભોડા ના સ્થાનિકોને નવી લાયન્સ ક્લબ શરૂ કરી સેવાયજ્ઞમાં જોડાવાનું આહવાન કર્યું. અતિથી વિશેષ તરીકે પધારેલા ટ્રસ્ટી મંડળના પ્રમુખશ્રી ડી. કે. પટેલ સાહેબે સુંદર વક્તવ્ય આપ્યું હતું . ડભોડા હનુમાનજી મંદિરના નવ નિયુક્ત ટ્રસ્ટી અરવિંદભાઈ પરમાર ઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એચ એમ વિદ્યામંદિર નાં તમામ શિક્ષક ગણે ખુબ સહાયક ભૂમિકા બજાવી.તેમજ અન્ય સ્ટાફગણ હાજર રહ્યાં હતાં. ડોક્ટર્સ ની ટીમે દરેક બાળકના આંખની ચકાસણી કરી.ત્યારબાદ પ્રોગ્રામમાં દરેક વિદ્યાર્થીને પેન્સિલ/રબ્બર/ફૂટપટ્ટી/ સંચાની કીટ આપવામાં આવી. ૨૫ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનપત્ર આપવામાં આવ્યા હતા આમ આખો કાર્યક્રમ સુંદર આયોજન સાથે પૂરો થયો.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ





**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

ફ્રેન્ડશીપ ડેની ઉજવણી અર્થપૂર્ણ રીતે કરવા માટે, લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટના પ્રમુખ મુકેશ ચોપરાએ ૩ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ભાટ ગાર્ડન ખાતે માતાઓ અને બાળકો સાથે એક જીવંત ?? વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કર્યું હતું. કુલ ૯૦₹ સભ્યોએ તેમના ઉત્સાહી બાળકો સાથે આ પહેલમાં ભાગ લીધો હતો અને ૧૦૦ થી વધુ છોડ વાવ્યા હતા સ્વચ્છ અને હરિયાળા પર્યાવરણમાં ફાળો આપ્યો હતો. ખાસ ઉપસ્થિતિઃ ઈઝ લાયન રાજેશ સોની, કોટેશ્વર કોર્પોરેટર જસુભાઈ અને વોર્ડ પ્રમુખ ભાર્ગવભાઈ,̈ લાયન યોગેશ મહેશ્વરી

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના



**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

૩ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા ફતેપુર સરકારી શાળા માં એજ્યુકેશનલ કીટનું વિતરણ કરવામાં આવ્યું જેમાં ૧૩૫ વિદ્યાર્થીઓ ને આ કીટ આપવામાં આવી હતી આ પ્રોજેક્ટ દરમિયાન ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ, પ્રેસિડેન્ટ સેક્રેટરી તેમજ અન્ય સભ્યો તેમજ શાળાના પ્રિન્સિપલ તેમજ અન્ય સ્ટાફ મેમ્બર્સ મોટી સંખ્યામાં હાજર હતા.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા પર્સનાલિટી ડેવલોપમેન્ટનો સેમિનાર યોજાયો.



**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા ગવર્મેન્ટ સાયન્સ કોલેજ, સેક્ટર ૧૫ ખાતે સેમિનાર યોજાયો. પર્સનાલિટી ડેવલોપમેન્ટ અંતર્ગત ‘એક્સપ્લોર યોર ડાયનામિજમ વિથ ટીપ્સ એન્ડ ટેકનીક‘ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આર્ટ ઓફ લિવિંગના સિનિયર ફેકલ્ટી શ્રીમતી સ્મિતાબેન પટેલ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને વિષયજ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સાયન્સ કોલેજના પ્રિન્સિપલ ડોક્ટર ડી પી પટેલ, ગાંધીનગર ફેમિનાના પ્રમુખ અર્ચના દવે અને ક્લબના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનુ આયોજન ફર્સ્ટ વીપી જાગૃતીબેન વ્યાસના નેતૃત્વમાં યોજવામાં આવેલ.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટ







**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ વાઈબ્રન્ટે પ્રમુખ મુકેશ ચોપરાના ગતિશીલ નેતૃત્વ હેઠળ સાઈટ ફોર કિડ્સ (SFK) કાર્યક્રમ હેઠળ એક સીમાચિહ્નરૂપ સેવા આપી છે અને ૧૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ અમદાવાદની ૯ શાળાઓમાં ૯૦૦૦₹ વિદ્યાર્થીઓ માટે વ્યાપક આંખ તપાસ કેમ્પ સફળતાપૂર્વક યોજ્યા છે. ખાસ ઉપસ્થિતિઃ DC લાયન અનિલ જયસિંહાણી, ઢઝ લાયન મિનાક્ષી જયસિંહાણી, DC લાયન રાખી જૈન, ભૂતપૂર્વ પ્રમુખ લાયન યોગેશ મહેશ્વરી

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી







**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

રાગ સ્ટુડિયો ખાતે,મહાન ગાયક કિશોર કુમાર ની યાદ માં આયોજીત કરાયેલા સંગીતમય કાર્યકમ ' બિયોન્ડ માઈક્રોફોન'માં લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી તરફથી ડૉ. મિતાલી નાગ ( ઇન્ટરનેશનલ સિંગર ) નું સન્માન ટ્રોફી દ્વારા કરાયું.તેમજ કમલેશ અવસ્થિ નાં સુપુત્ર ભૂષણ અવસ્થિ નું સન્માન પણ ટ્રોફી દ્વારા કરાયું. આ પ્રસંગે અમદાવાદ સીટી ક્લબનાં સંગીતપ્રેમી સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

## લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ



**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

લાયન્સ ક્લબ ઓફ શાહીબાગ દ્વારા કલોલ પાંજરાપોળ ખાતે ૧૧૦૦ અબોલ જીવો ને લીલો ઘાસચારો, આયુર્વેદિક લાડવા, ગોળ, કપાસ અને ખોળ ખવડાવવા નો એક કાર્યક્રમ આજરોજ કરવામાં આવ્યો જેમા ક્લબ ના સભ્ય દ્વારા રૂ. ૬૫૦૦૦ તથા તેમના મિત્રો દ્વારા મળી ને કુલ રૂ. ૧૨૫૦૦૦.૦૦ નુ અનુદાન ઉપરોક્ત તમામ પશુઆહાર માટે આપવામાં આવ્યું.આ કાર્યક્રમ માં ક્લબ ના પ્રેસિડેન્ટ શ્રી ચિરાગ શાહ તથા શ્રી રૂપેશ શાહ અને અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના



**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા રક્ષાબંધનનો પવિત્ર તહેવાર એરફોર્સ પાલજ ના સૈનિકો સાથે ઉજવવામાં આવ્યો હતો આ પ્રસંગે ફેમિના ક્લબની બહેનોએ દરેક સૈનિકને સુરક્ષા બંધન બાંધી ઈશ્વરને તેમની સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન ક્લબના પ્રેસિડેન્ટ સેક્રેટરી ટ્રેઝરર પાસ્ટ પ્રેસિડેન્ટ તેમજ ક્લબ ઓફિસર્સ અને અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

## મોડાસા લાયન્સ ક્લબ



**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર**

૨૭-૦૭-૨૦૨૫ રવિવાર ના રોજ મોડાસા લાયન્સ ક્લબ અને રામાણી લેબોરેટરી ના સંયુક્ત ઉપક્રમે, ફ્રી ડાયાબિટીસ ચેક અપ કેમ્પ મનોકામના પૂર્ણ હનુમાન મંદિર ખાતે યોજાયો... જેમાં ૯૪ લાભાર્થી ઓ એ લાભ લીધો...આ કાર્યક્રમ લાયન્સ પ્રમુખશ્રી નીરવભાઈ, લા.ખજાનચી જીગ્નેશભાઈ, મંત્રીશ્રી અરવિંદભાઈ.. લા ઝોન ચેરમેન પરેશભાઈ, ડી સી રૂરલ પ્રવીણભાઈ... લા રામભાઈ... લા રમેશભાઈ.. લા પંકજભાઈ.. લા. મનોજભાઈ.. લા... ભરતભાઈ... ના સાથ સહકાર થી સરસ રીતે પૂર્ણ થયો...

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી





ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના પ્રેસિડેન્ટ ડો બીના પટેલે તા -૬/૮/૨૫ બુધવારના સવારે ૯ વાગે ન્યુ રાણીપ ખાતે આવેલાં સરદાર બાગ અને નવી ડિઝાઈન કરેલાં ઓક્સિજન પાર્કની ઝીણવટ ભરી મુલાકાત લીધી. ન્યુ રાણીપ ખાતે યોગ ના વર્ગ ચલાવનાર તેમજ યોગ બોર્ડના કોઓર્ડીનેટર શ્રી ઈલાક્ષી બહેન અને ઉમેશભાઈ ચૌહાણે બીનાબહેન અને મુકેશભાઈનું ને ખેસ પહેરાવી સન્માન કર્યું. આ સમયે ન્યુ રાણીપના ઘણાં સ્થાનિક સેવાભાવી કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

બીના બહેને અમદાવાદ સીટી તરફથી ત્યાં ઉપસ્થિત રહેલી ૧૦૦થી પણ વધારે બહેનો અને ૫૫ જેટલાં ભાઈઓને દરેકને ૨ -૨ છોડ (રોપાઓ ) વિના મુલ્યે આપ્યા. આ રોપાઓ તેઓને પોતાના આંગણા માં કે કુંડા માં ઉગાડી તેનું જતન કરવાં સમજાવ્યું. પર્યાવરણ નું ધ્યાન રાખવા આટલું તો દરેકે કરવું જ જોઈએ એવું બીનાબહેને પોતાના સંબોધન માં જણાવ્યું. આ પ્રસંગે બાગમાં આવેલાં અન્ય મુલાકાતીઓને પણ વિના મુલ્યે રોપાઓ આપવામાં આવ્યા.

# સખી ગ્લોબલ વુમન દ્વારા નારી એવોર્ડ સીઝન ૩ સાથે ૫ મી વર્ષગાંઠની ઉજવણી





**ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર લાયન્સ સમાચાર**

સખી ગ્લોબલ વુમન દ્વારા તાજેતરમાં એક પ્રેરણાદાયક અને જીવંત કાર્યક્રમ સાથે તેની ૫મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી, જેમાં ૫૧ નોંધપાત્ર મહિલાઓ નારી એવોર્ડ (સીઝન ૩) અને સખી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

સાંજે કાર્યક્રમની શરૂઆત સોનલ શાહ (સ્થાપક), જાગૃતિ ઠાકોર (ભારતીય રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા), દર્શિતા શાહ (દર્શુ ચેરીટેબલ ટ્રસ્ટ), આરજે કિંજલ, જિયા (સામાજિક કાર્યકર),કિન્નલ નાયક (ગુજરાતી ફિલ્મ હિરોઈન) દ્વારા પરંપરાગત દીપ પ્રાગટ્ય સમારોહ થી થઈ અને ત્યારબાદ વિશાખા ના વિદ્યાર્થીઓ દ્વારા ભાવનાત્મક ગણેશ વંદના કરવામાં આવી.કંચનની ટીમ દ્વારા રાજસ્થાની નૃત્ય, કવિતાની ટીમ દ્વારા ફ્યુઝન અને રેટ્રો પ્રદર્શન, રાજુલ દ્વારા સિતાર વાદન, નેહલની ટીમ દ્વારા રંગીલો ભારત અને ફેશન શો, ડૉ. નિમિષા દ્વારા એકાંકી (ટૂંકું નાટક), ભાવનાબેન દ્વારા મેનોપોઝ જાગૃતિ પ્રદર્શનનિમિષા, હિરલ પટેલ અને ડૉ. માધુરી ભટ્ટે ઉજવણીને જીવંત અને આકર્ષક રાખી. મહેમાનોને સ્મૃતિચિહ્નો અર્પણ, સ્વાદિષ્ટ રાત્રિભોજન અને જાનકી શાહ દ્વારા એક અનોખી કેક એ આકર્ષણ માં વધારો કર્યો.સ્થાપક સોનલ શાહે આ પ્રસંગને યાદગાર બનાવવા બદલ પ્રાયોજકો, સમર્થકો,પુરસ્કાર વિજેતાઓ અને સમગ્ર સખી સમુદાયનો હૃદયપૂર્વક આભાર માન્યો.